9મી નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠક

કોલંબો સિક્યોરિટી કૉન્ક્લેવ (સીએસસી)ની 9મી નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર-સ્તરની બેઠકનું આયોજન ભારત દ્વારા 30 સપ્ટેમ્બર 2026 ના રોજ વર્ચ્યુઅલ રીતે કરવામાં આવ્યું હતું. સહભાગીઓમાં બાંગ્લાદેશ, માલદીવ, મોરેશિયસ, શ્રીલંકા અને સેશેલ્સ સામેલ હતા.

2. સભ્ય દેશોએ સીએસસીની 7મી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર-સ્તરની બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે સમીક્ષા કરી હતી. આ બેઠક 20 નવેમ્બર 2025 ના રોજ ભારતના નવી દિલ્હીમાં યોજાઇ હતી. તેમણે સહકાર અને પ્રવૃત્તિઓ માટેના રોડમૅપ (2025-2026) ની પણ સમીક્ષા કરી અને સહકારના પાંચ સ્તંભોને આવરી લેતી તાલીમ તથા ક્ષમતા નિર્માણ કાર્યક્રમોના આયોજનમાં સભ્ય દેશો દ્વારા થયેલી નોંધપાત્ર પ્રગતિની સંતોષ સાથે નોંધ લીધી.

3. સભ્ય દેશોએ હિન્દ મહાસાગર ક્ષેત્રમાં સુરક્ષાની મહત્વપૂર્ણ બાબતો પર સહકારને વધુ મજબૂત બનાવવાના તેમજ માનવતાવાદી સહાય અને આપત્તિ રાહતના ક્ષેત્રમાં તેમની સ્થાયી ભાગીદારી ચાલુ રાખવાના પોતાના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો.

4. બાંગ્લાદેશના લોકતાંત્રિક ગણરાજ્યના પ્રધાનમંત્રી કાર્યાલયના સશસ્ત્ર દળ વિભાગના ડિરેક્ટર જનરલ મહામહિમ બ્રિગેડિયર જનરલ મોહમ્મદ અલી હૈદર સિદ્દીકી, એસબીપી, એનડીસી, એએફડબ્લ્યુસી, પીએસસી, એમફિલ, પીએચડી; ભારત ગણરાજ્યના નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (વ્યૂહાત્મક બાબતો) શ્રી પવન કપૂર; માલદીવ ગણરાજ્યના નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર મેજર જનરલ હામિદ શફીગ (નિવૃત્ત); મોરેશિયસ ગણરાજ્યના પ્રધાનમંત્રી કાર્યાલયના સુરક્ષા બાબતોના કાર્યકારી પ્રધાન સંયોજક શ્રી કે. જયપ્રકાશ; સેશેલ્સ ગણરાજ્યના રાષ્ટ્રપતિના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી જોએલ મોર્ગન; શ્રીલંકાના લોકતાંત્રિક સમાજવાદી ગણરાજ્યના સંરક્ષણ મંત્રાલયના અધિક સચિવ (સંરક્ષણ) પી.ડી. ઇન્ડિકા એલ. વિજેગુણાવર્દનાએ પોતપોતાના પ્રતિનિધિમંડળોનું નેતૃત્વ કર્યું હતું. સીએસસી સચિવાલયનું પ્રતિનિધિત્વ સીએસસીના સેક્રેટરી જનરલ, વાઇસ એડમિરલ એસ. એન. ઘોરમેડ (નિવૃત્ત) દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે શ્રીલંકાના કોલંબોમાં કાર્યભાર સંભાળ્યો છે.

નવી દિલ્હી

30 સપ્ટેમ્બર, 2026